ૐ

### શ્રી કાઠીઆવાડી ચાતુર્વેદીય (ચું. સ.) મોઢ બ્રાહ્મણો જેજે ગામોમાં હાલ વસે છે, રહે છે, નોકરી કરે છે તેના ગામ અવટંક (ઉપસંજ્ઞા) સાથે માહિતી બતાવનારા

# દોહરા

વાળુકડ તો વતન મારૂં, જ્ઞાતિમાં છે ખ્યાત, માતા મોઢેશ્વરી કુળદેવી, મોઢામાં પ્રખ્યાત.
બંધુ વસે છે ત્રણ અટકના, ત્રવાડી કહેવાય, શીતવાડીયા, માંડણકા વળી, ચાનખેડિયા જળવાય.
ભાવનગરમાં તો મોટી જ્ઞાતિ, ત્રણ મુળ રહેવાસી, જાની, રાવળ, શુકલ બાકી, બીજા બહારના વાસી.
ચાનખેડીયા, શીતવાડિયા ગોતીયા, પાઠકને ટીમાણી, શેરથીઆ, ઢોલરીયા, કપુરીઆ, બડેલા વળી માતાણી.
દીક્ષિત પણ ત્યાં વસે છે, સાથે માંડણકા હોઈ, ઉપાધ્યાય, ચીખલીયા આવ્યા, મોટી જ્ઞાતિ જોઇ.
વરતેજમાં તો ઘણા વસે છે, ચીખલીયા કહેવાય, ઉપાધ્યાયને પાઠક, રાવળ, કપડવંજા કહેવાય.
શીતવાડીયા ત્યાં રહેવા આવ્યા, સારા દીક્ષિત જોઈ, આ પ્રમાણે ગામ નાનું, મોટો જથ્થો હોઇ.
કરદેજમાં તો સારો જથ્થો, માંડણકા સન્માની, પાઠક સાથે રાવળ વસે છે, વળી વસે ત્યાં જાની,
શીહોર મોટો ગઢ છે જ્યાં, શુકલ તણા આવાસ બડેલા, શીતવાડીયા, જાની, ચાનખેડિયા વાસ.
કોહેઆ રેવાથી આવ્યા, પાઠક તો પરમાણ, બધા વસે છે આનંદથી, અહિં નહિં કોઇની આણ.
બજાુડ તો શીતવાડીયાનું, સણોસરે તણખા જન, પાઠક, ચાનખેડિયા વસો, રાખી આનંદ મન.
રામધરીનો વાવડી મધ્યે, માંડણકા રહેનાર સગાપરા, ઈશ્વરીયા માંહે, પાઠક તણખા વસનાર.
પાલીતાણા શહેર મોટું, ચાનખેડીયા, દીક્ષિત બહુ, રાવળ, દવે, પાઠક, ટીમાણી, ભટ, શીતવાડિયા જોઉ.
પાઠકના તો ત્રણ નગર છે, દીહોર, બુધેલ ને તગડી, રાવળ પાઠક માલપર વસે, તણસે ચીખલીયા જગડી.
ઘોઘા માંડણકા વસો, જુનું બંદર પરમાણ, પડવા વસો બડેલા, ચીખલીયા સાણોદર જાણ.
જાળીયા તો જાની ચીખલીયા, તણખા હણોલે નહિં કોઇ, આદપર તો પાઠક વસે, નથી ભીકડામાં કોઇ.
કણકોટ વાળુકડ તણું, કુટુંબ એક ગણાય, ચાનખેડીયા કુટુંબ મોટું, ઘર એક જ્યાં જણાય.
ગણેશગઢે શીતવાડિયા છે, જ્ઞાતિ પટેલ ગણાય, દુધાળામાં ચાનખેડીયા વસે, જાની જાળીઆ જણાય.
જેસરમાં તો દવે, બડેલા કોઇ જ્ઞાતિ જન, સમઢીયાળા, અખતરીયા, વસે છે જાની જન.
ગારિયાધારે શુકલ જથ્થો, શીતવાડિયા રહે જ્યાં, દવે, પાઠક, જાની, ઢોલરીયા, ચાનખેડીયા પણ જ્યાં.
સાતંપડાનો ઠીક જથ્થો, ચાનખેડીયા કહેવાય, ચીખલીયા જાની વસ્તી ઓછી, સાથમાં રહેનાર.
દેદરડામાં પાઠક મોટા, ડમરાળા દવે નામ, પાઠક, ચાનખેડીયા વસે, જે ગામ છે પછેગામ.
જાલવદર ને ડેડકડી, કાઢી નાખીનો કહું, ગીર, ટીંબી બંધારડા, જ્યાં ચાનખેડીયા બહુ
દવે બડેલા ઘેટી મધ્યે બીજે જઇનો વસીયા, ભંડારીયામાં કોઇ નહિં, પ્રભુ જેનો રૂઠીયા.
દામનગરમાં પાઠક બડેલા, ઢોલરીયા, દીક્ષિત, રાવળ, શુકલ ચાનખેડીયા, સંબંધમાં મિશ્રાતિ.
પાંડરશીંગા મહાપુરાણું, પાઠક કેરૂં ધામ, જ્ઞાતિ તેડું મોટું કર્યું, રામકૃષ્ણ હર્ષજી નામ.
હવે બડેલા ત્યાં વસો, રાખી મોટી હામ, દીક્ષિત મુંબઇ જઇ વસીયા, ધંધો કેરૂં કામ.
મેથળી ઠાંસા હવે તણખા, વળી રાભડા પાઠક જોઈ, કાંચરડી શેસ્થીયા વસે છે. જે ઇંગોરાંળે પણ હોઇ.
ઢાંગલા ઢોલરીયા વસો, પાઠક વળી પરમાણ, આંબરડી બડેલા તણી, જાની ચભાડિયા જાણુ.

પાંચ તલાવડા, વાવડી નાની, પાઠક જાની માન, રાજકોટ, ખોડવદરી, ફાચરીયા વળી જાણ.
ચારોડીયા એકલારે વસે છે, ચાનખેડીયા પાઠક, ગુંદરણ પણ વસે છે, જાની છે અવટંક.
માંડવગઢ તો માંડવી, બડેલા કેરૂં ધામ, શીતવાડીયા વસે છે ત્યાં, જ્યાં શાખપર છે ગામ.
માંગુકામાં ભટ્ટ રહે, પરવડી હવે તું જાણ, દવે માંડણકાં વળી ટીમાણી, અટક ત્રણનું છે સ્થાન.
ટીંબા પાઠક, ભટ વસો, મોતીસારી બડેલા જાણ, ભાલવાવ વીકળીઆ વળી, શીતવાડીયા પરમાણુ
ચાનખેડીયા માનગઢ પાનસડે, તણખા છે બરવાળે, રતનપુર, વેજળકા પાઠક વળી, ગોતીયા રોહીશાળે.
ભીંગરાડ ચાનખેડીયા વસો, વીરડી વસે ઢોલરીયા, બેલા, લુવારા તણખા પાઠક, મેસણકા ચાનખેડિયા
શેરથીઆ ખાલપર વસો, વળી તણખા ઘરવાળા, બડેલા ચાનખેડીયા ઉમરડે છે, દીક્ષિત પાઠક પરવાળા
ધંધુકામાં પાઠક રહે છે, રતનપુર શેરથીયા, ભટ તો લીમડા અણીડા, વસો વળી રંઘોળા
જલાલપુર માંડવા મધ્યે, પાઠક ચાનખેડીયા હોઇ, પીપરાળીમાં શુકલ વસે, પીપળવા બડેલા જોઇ.
હાકેમ ખીજડીયા ચાનખેડીથા, વળી ઢસા જાની પરમાણ, શુકલ ચાનખેડિયા શેરથીઆ ઉમરાળામાં જાણ
ભાલે સમઢીયાળા રહ્યું, વળી ચારણકી છે નામ, શીતવાડીયા રહે બેઉ મધ્યે, જુનું પુરાણું ગામ
બડેલા કુટુંબ નજદીક આવ્યું, વસો છે અધેવાડે, ધંધોકરી, મકાન બંધાવ્યા, નથી રહેતા ભાડે.
સુરત, મુંબઈ, મહુવા વળી રાજુલા અમદાવાદ, હાલોલ ધંધુકા આવાસો બાંધી, ધંધા કર્યા આબાદ
ઉપર પ્રમાણે ગામ અટક છે, જ્ઞાતિ જનને જાણું, જ્ઞાતિ બંધુ માટે, લખ્યું છે, હૃદયે આનંદ માનું
પિતા ત્રવાડી અનુપરાય છે, માતા છે હરીબાઇ, પુત્ર નવલ માતાને વિનવે, ક્ષમા કરો મોઢાઇ.
માતા મોઢેશ્વરી સહાય કરો, પરદેશ વસતા ભાઇ, આશિષ આપો અનંત શક્તિ, કુળદેવી માઇ.

### આપણો વિભાગ નીચે મુજબ ગોત્રમાં વહેંચાયેલો છે.

(૧) કુશિકસ (કુશકુશ-કૌશિક) ગોત્રના નવ સ્વગોત્રી છે - શીતવાડિયા (તણખા) બડેલા, શેરથીયા, ચીખલીયા, ગોતીયા, કપરીયા શુકલ, ટીમાણી, રાવળ અને ઢોલરીયા.

(૨) ભારદ્વાજ ગોત્રના ૪ સ્વગોત્રીઓ : ચાનખેડિયા, માંડણકા (માતાણી), મગોડિયા શુકલ કપડવંજા

(૩) કુત્સસ ગોત્રના ૨ સ્વગોત્રીઓ : જાની (મોરબા, ખોડવદરી, પાંચતલાવડા, ફાચરીયું, ગુંદરણ) દીક્ષિત (વરતેજ, પ્રાલિતાણા, દામનગર, પરવાળા)

(૪) વત્સસ ગોત્રના ૨ સ્વગોત્રીઓ : જાની (ભાવનગર, કરદેજ, સમઢીયાળા, અખતરીયા, છભાડિયા) વગેરે અને પાઠક

(૫) માંડવ્ય ગોત્રના ફક્ત દવે.

(૬) શાંડિલ્ય ગોત્રના ઉપાધ્યાય.